ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




કાકા... મને ઘુંટણનો પ્રોબ્લેમ નથી થયો... આ તો સેલ્ફી સ્ટીક છે...!!

# દહેગામ સજ્જડ બંધ


**વિશ્વ હિન્દુ પરિષદે આપેલા દહેગામ બંધના એલાનને જબરદસ્ત પ્રતિસાદ : ફરીથી વાતાવરણ તંગ ન બની જાય તે માટે એસઆરપી ગોઠવીને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો : ક્રોસ પોલીસ ફરીયાદ દાખલ**

ગાંધીનગર, તા.૨૫

ઈદ એ મિલાદના જુલુસ દરમિયાન દહેગામમમાં ગઈ કાલે હિન્દુ-મુસ્લિમ કોમી સામ સામે આવી જતા વાતાવરણમાં તંગદીલી સર્જાઈ હતી. જેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા દેગામ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આજે દહેગામ બંધને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો અને દિવસભર દહેગામ સજ્જડ બંધ રહ્યું હતું. તો બીજી તફ વાતાવરણ ફરી તંગ ન બને તે માટે દહેગામ વિસ્તારમાં એસઆરપી પ્લાટુન તૈનાત કર્યા ઉપરાંત પુરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ બંને પક્ષે ક્રોસ પોલીસ ફરિયાદ પણ દાખલ કરી દહેગામ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દહેગામ પોલીસ મથકમાં સામ સામે નોંધાયેલી ફરિયાદ પ્રમાણે એક તરફે દહેગામના જુબેર યુનુસભાઈ મલેક, મુનીર રાજુભાઈ મનસુરી, હમીદ હસનભાઈ મનસુરી અને સાજીદ ઈસ્માઈલભાઈ મેમણની સામે આરોપ મુકયા છે. તો બીજી તરફ અલતાફ હુસેન રસુલમીયા મલેકે અમિત ઉપાધ્યાય, રિતેશ કૌશિકભાઈ પટેલ અને કનૈયા ઉપાધ્યાય સામે આરોપ મુકી ત્રણેય ટેબલા ફળી વિસ્તારના રિતેશ કૌશિકભાઈ પટેલે ચાર વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં સામે ફરિયાદ નોંધાવી છે. દહેગામ પોલીસે બંનેની ફરિયાદ લઈને તટસ્થ તપાસ શરુ કરી છે.





## ખૂણે ખાંચરેથી...

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમને લઈ રાજયના તમામ વાલીઓને એક પત્ર લખી બાળકને આરોગ્ય ચકાસણી માટેના કાર્યક્રમાં ભાગ લે તેવી અપીલ કરી છે.

●સેન્ટ્રલ વિષ્ટામાં મુકાયેલ લાઈટો બંધ રહેતાં લોકોમાં નારાજગી ઉભી થવા પામી છે.

● ગાંધી પાર્કમાં મુકાયેલ રમત ગમતના અને કસરતના સાધનો તુટી ગયા હોઈ તેની દુરસ્તીનું કામ તંત્ર દ્વારા ઝડપથી થાય તેવી નગરજનોની લાગણી છે.

● ગાંધીનગરમાં આજે દિવસ દરમિયાન ફુંકાયેલા પવનની ગતિ સવારે ૨ થી ૩ કિમીની નોંધાઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં લીલી તુવરનું વેચાણ વધી રહ્યું છે. લીલા શાકભાજીના ભાવમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીની ફરિયાદોની કોઈ અસર તંત્ર પર થતી ન હોવાથી હવે લોકો સરકારમાં રજુઆત કરવાનું વિચારી રહ્યા છે.

## માણસામાં ડેન્ગ્યુ પોઝિટિવ કેસ

માણસા, તા. ૨૫

માણસાની ઠચરાજનગર સોસાયટીમાં રહેતા શિક્ષણવિદ અને સમાજસેવી રાકેશ પ્રજાપતિ "રાહી"ને ગઈકાલે નાદુરસ્ત તબિયતને પગલે ડૉ. ધર્મેન્દ્રસિંહ મહીડાને ત્યાં દાખલ કરવા પડ્યા હતા.



મેડીકલ રિપોર્ટ કરાવતા ડેન્ગ્યુ પોઝિટિવ જણાયો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે ઠચરાજનગર સોસાયટીની દિવાલે ગેરકાયદેસર ઝૂંપડપટ્ટી વસેલી છે. આ વસાહતમાં પારાવાર ગંદકી અને મચ્છરોના ઉપદ્રવ ની અનેક ફરિયાદો હોવા છતાં કોઈ કાનૂની પગલાં લેવાતા નથી જેથી નજીકની સોસાયટીના રહીશોને બિમારીના ભોગ બનવુ પડે છે. આ ગેરકાયદેસર વસાહતનું દબાણ દૂર કરવાના નામદાર હાઈકોર્ટના આદેશનો પણ નગરપાલિકા દ્વારા અનાદર થઈ રહ્યો છે. આરોગ્ય તંત્ર પણ ઊંઘતું ઝડપાયુ છે ત્યારે અન્ય નાગરિકો રોગચાળામાં લપેટાય તે પહેલા યોગ્ય અને જરૂરી પગલાં તાત્કાલિક ભરાય તેવું નાગરિકો ઈચ્છે છે.

# નાતાલ પર્વની નગરમાં ભારે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

નાતાલ પર્વ એ વિશ્વભરમાં ઈસુ ખ્રિસ્તના જન્મદિન નિમિત્તે મનાવાતું પર્વ છે. ભગવાન ઈસુ ખ્રિસ્તે શાંતિ, પ્રેમ અને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો હતો. આ પર્વ બાદ નવા વર્ષનો પ્રારંભ થતો હોવાથી વિશ્વના દેશોમાં રહેતા નાગરિકો નાતાલ પર્વની ધામધૂમથી ઉજવણી કરે છે. ગાંધીનગરમાં પણ નાતાલ પર્વની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચર્ચોને અગાઉથી શણગારવામાં આવ્યા હતા. નગરના ખ્રિસ્તી પરિવારોએ પણ પોતાના ઘરોને લાઈટીંગથી શણગાર્યા હતા.



નાતાલ પર્વ નિમિત્તે નગરમાં ખ્રિસ્તિ પરિવારોએ વિવિધ રીતે નાતાલની ઉજવણી કરી હતી તેમજ નાતાલ પર્વની ઉજવણી શહેરની શાળાઓમાં, નગરની સંસ્થાઓમાં તેમજ સેવાભાવી વ્યકિતઓએ પણ શ્રમજીવી વિસ્તારોમાં જઈ ગરીબ બાળકોને ચોકલેટ, કેક સહિતની વસ્તુઓની વહેંચણી કરી નાતાલ પર્વ ઉજવ્યો હતો. નાતાલની પૂર્વસંધ્યાએ શહેરના ખ્રિસ્તી પરિવારોમાં ઉજવણીનો ઉલ્લાસ અનુભવાતો હતો. શહેરના દેવળોમાં રોશની ઝળહળતી હતી અને પૂર્વ સંધ્યાએ સે-૩, ૨૩, ૨૧ તથા સેકટર-૮ના ચર્ચોમાં નાતાલ નિમિત્તે આનંદનો માહોલ જોવા મળ્યો હતો તેમજ સે-૨૩ના ચર્ચ દ્વારા શાંતિયાત્રાનું આયોજન પણ કરાયું હતું. શહેરના ચર્ચોમાં નાતાલ પર્વે સવારે પ્રાર્થના સભાઓ પણ યોજાઈ હતી. નાતાલનો તહેવાર નગરમાં ખુબ જ ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. શહેરના ખ્રિસ્તી પરિવારોની રાત્રીના સમય દરમિયાન હોટલો અને કલબોમાં ભારે ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત નગરના નગરજનોએ પણ નાતાલ તહેવારની ઉજવણી કરી હતી.



### પૂજન ડાન્સ કલાસ દ્વારા ઝૂંપડપટ્ટીના બાળકોને ચોકલેટ, બિસ્કીટનું વિતરણ

નાતાલ પર્વ નિમિત્તે પૂજન ડાન્સ કલાસ દ્વારા નગરના શ્રમજીવી વસાહતમાં બાળકોને ગરમ કપડા, કેક, બિસ્કીટ તેમજ ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પૂજન ડાન્સ કલાસના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર તથા બાળકો દ્વારા નાતાલ નિમિત્તે ઝુંપડ પટ્ટીના બાળકોને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાના બાળકોમાં વહેંચીને ખાવાની સમજણ કેળવાય તેમજ સેવાકીય પ્રવૃત્તિના માધ્યમથી તેમનામાં સંસ્કાર અને જીવન ઘડતરની સાચી પધ્ધતિ કેળવાય તેવા આશયથી આ ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## કોંગ્રેસ દ્વારા છ મહાપાલિકાના વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ

રાજયની ૬ મહાનગરપાલિકામાંવિપક્ષના નેતા માટેની પસંદગી પ્રક્રિયા પ્રદેશ કોંગ્રેસ નેતાગીરીએ હાથ ધરીને ત્રણ મહાપાલિકાના નેતાઓની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી હોવાનું જાણવા મળે છે. અમદાવાદ સહીત રાજયની ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં કોંગ્રેસને પરાજય મળતા વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે. આથી આ ૬ મહાપાલિકામાં વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા પ્રદેશ કોંગ્રેસ નેતાગીરી દ્વારા હાથ ધરવામાં આવી હતી. આજે પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાંઅને પ્રભારીની ઉપસ્થિતિમાં પ્રદેશ આગેવાનો અને ચૂંટાયેલા કોર્પોરેટરોની એક બેઠક મળી હતી. આજે મળેલી બેઠકમાં ત્રણ મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરોનો વિપક્ષના નેતા માટેના નામો અંગેનો સેન્સ લેવામાં આવ્યો હતો.

### થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પહેલા જ
## માણસાનાં મંડાલી પાસેથી નકલી દારૂ બનાવતી ફેકટરી પકડાઈ

ગાંધીનગર, તા. ૨૫

માણસાના મંડાલી પાટીયા નજીક એક શોપીંગ સેન્ટરમાં ભાડાની દુકાનમાં વિદેશી દારુની બોટલમાં નકલી કેમિકલયુક્ત દારુ બનાવીને પેકીંગ કરી સપ્લાય કરાતો હોવાની બાતમી માણસા પોલીસને મળી હતી. બાતમીનેઆધારે રાત્રે માણસા પોલીસની ટીમે દરોડો પાડી કેમિકલ દારુ બનાવી બોટલમાં પેકીંગ કરતા બે રાજસ્થાની શખ્સોને રંગેહાથે પકડી રૂા.૨.૫૬ લાકનો મુદ્દામાલ કબ્જે કરી ઝીણવટભરી પુછપરછ કરી હતી. નાતાલની થર્ટી ફર્સ્ટની પાર્ટી માટે માલ તૈયાર થઈ રહ્યો હોવાની શક્યતાને આધારે પણ તપાસ ચાલી રહેલ છે.

માણસા તાલુકાના કુકરવાડા ફાટક પાસેના મંડાલી પાટીયા નજીક સ્થિત મંગલમૂર્તિ કોમ્પલેક્ષમાં ડુપ્લીકેટ દારુ બનાવવાની ફેકટરી ચાલતી હોવાની બાતમીને આધારે માણસાના ઈન્ચાર્જ પી.આઈ. નટુભા જાડેજા તથા તેમની ટીમે દરોડો પાડી રાત્રે નકલી દારુનું બોટલનું પેકીંગ કરી રહેલા રાજસ્થાનના હનુમાન નેનજી મોદી અને કિશન પૃથ્વીરાજ મેઘવાલ બંનેને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી રૂા. ૪૬.૮૦૦ ની કિંમતની ૧૫૬ નંગ ડુપ્લીકેટ દારુની બોટલ, ૨૪૦ લીટર વિદેશી દારુ બનાવવા વપરાતું કેમિકલ, ત્રણ મોબાઈલ, ૨૪૦ નંગ દારૂ ભરવા તૈયાર ખાલી બોટલો, પાંચ લિટરનો ડુપ્લીકેટ દારૂ ભરેલો કેરબો, પ્લાસ્ટિકનો એક ખાલી કેરબો, અને સ્વીફ્ટ ડીઝાયર ગાડી મળી કુલ રૂા. ૫, ૫૫, ૮૭૫ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી માણસા પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવવા તજવીજ કરી હતી.

## ગાંધીનગર ખાતે જ્વેલરી ટ્રેડ કોર્પોરેશનનો એવોર્ડ સમારંભ યોજાયો

ગુજરાત જ્વેલરી ટ્રેડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (જીજેટીસીઆઈ)નો ત્રીજો એક્સલન્સ એવોર્ડ સમારંભ રાજયપાલ ઓ.પી.કોહલીની ઉપસ્થિતિમાં નારાયણી હાઈટ્સ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ એવોર્ડ સમારંભમાં રાજયપાલશ્રીના હસ્તે જેમ્સ અને જ્વેલરીના ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર દેશના અનેક વ્યક્તિઓનું સન્માન એવોર્ડ અર્પણ કરી અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. રાજયપાલશ્રીના હસ્તે જીજેટીસીઆઈની વર્ષ-૨૦૧૬ની ડિરેકટરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

## ઓનલાઈન ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરનાર યુવાન છેતરાયો

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૨૩ના યુવાને રિપેરીંગ માટે અમદાવાદ ખાતે આપેલો મોબાઈલ રિપેર ન થતાં ઓનલાઈન ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરી હતી. ઓનલાઈન ગ્રાહક સુરક્ષામાં ચીટર સાથે તેને ભેટો થઈ ગયો અને વાતોની જાળમાં ફસાઈ બેંક એકાઉન્ટ નંબર મંગાવીને રૂ. ૧૩ હજાર ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની ઘટના બનવા પામી છે. યુવાને સે-૨૧ પોલીસ મથકમાં આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સેકટર-૨૩ પંચવટી પાર્ક ખાતે રહેતા મયુર આદેસરા નામના યુવકે તેનો મોબાઈલનો કેમેરો બગડતા અમદાવાદ ખાતે રીપેરીંગ માટે આપ્યો હતો. મોબાઈલ રીપેરીંગ ન થતા પરત લઈ જવાનું દુકાનદારે કહ્યુ પરંતુ મયુર આદેસરાએ જયાં સુધી રીપેર નહીં થાય ત્યાં સુધી મોબાઈલ નહીં લઈ જઉં કહીને ગ્રાહક સુરક્ષાની વેબસાઈટમાં ફરિયાદ કરી હતી. ગ્રાહક સુરક્ષાના નામે અમિત અને નિલેશ નામના કોઈ શખ્સોએ વાતોમાં ઓનલાઈન ફસાવીને બેંકએકાઉન્ટ નંબર માંગ્યો હતો અને ત્યાર બાદ બેંક ખાતામાંથી રૂ. ૧૩ હજાર ઉપડી ગયા હતા. છેતરપીંડી અંગે મયુર આદેસરાએ સેકટર-૨૧ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

## પ્રદ્યુમન આચાર્યને મનુભાઈ પંચોળી 'દર્શક' સન્માન

ગાંધીનગર, તા.૨૫

વિદ્યાગુરુ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા સાહિત્ય-શિક્ષણ સન્માન પર્વરૂપે 'પર્વષષ્ટિ'નુંઆયોજન કરવામાં આવેલ છે. જેમાં મનુભાઈ પંચોળી 'દર્શક' સાહિત્ય સન્માન એવોર્ડ માટે ગાંધીનગરના સાહિત્યકાર પ્રદ્યુમન આચાર્યની પસંદગી કરવામાં આવી છે. ઉકત એવોર્ડ તા. ૪થી જાન્યુઆરીએ પૂ. મોરારિબાપુના વરદ હસ્તે સાવરકુંડલા ખાતે અર્પણ કરવામાં આવશે.

પ્રદ્યુમન આચાર્યનુંપ્રથમ પુસ્તક 'હીંચકે બેઠાં' ૨૦૧૦માં પ્રકાશિત થયું હતું. જેને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ 'હસિતં મધુરમ' ૨૦૧૩મા ત્યારબાદ 'હાસ્ય કલરવ' ૨૦૧૫માં પ્રકાશિત થયું હતું. તમામ પુસ્તકોને વાંચકોનો સારો આવકાર મળ્યો હતો.

શિષ્ટ સાહિત્યના સામયિકો જેવા કે 'કુમાર' 'અખંડ આનંદ' નવનીત સમર્પણ શબ્દ સૃષ્ટિ. 'બુધ્ધિપ્રકાશ' 'શબ્દસર' ગુજરાતમાં વખતો વખત પ્રકાશિત થતા રહ્યા છે. તેઓ છેલ્લે અખિલ ભારતીય સેવામાંથી સચિવ મહેસુલ તરીકે નિવૃત્ત થયા હતા. હાલ તેઓ ગાંધીનગરમાં નિવાસ કરે છે.



## ચિલોડા હાઇસ્કૂલ ખાતે સ્કૂલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા તથા સાંનિધ્ય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ પેથાપુરના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં શાળામાં ભણતા ધોરણ ૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને શારીરિક તપાસણી અને નિદાન ચેકઅપ કરી જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હોસ્પિટલના ડૉ. વિજય રાવલ, ડૉ. વિમલાબેન પટેલ પટેલ, ડૉ. મોન્ટુ પંડ્યા તથા ડૉ. ભાવેશ પટેલ વગેરે તબીબીયોએ નિશુલ્ક સેવાઓ આપી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)

## રાજયનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૯ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન ગણપત યુનિવર્સિટી ખાતે યોજાશે

**રાજયભરમાંથી પસંદ થયેલી ૪૦૦ જેટલી કૃતિઓ અહિ રજૂ થશે**

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૨૯ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન રાજયનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ગણપત યુનિવર્સિટી ખાતે યોજાશે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન મહેસાણા તથા ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ રાજયકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજયભરમાંથી ૪૦૦ જેટલી કૃતિઓ રજૂ થનાર છે.

૨૮મી એ તમામ સ્પર્ધકો ગણપત યુનિવર્સિટી ખાતે પહોંચી જશે અને ૨૯મી એ રાજયના આરોગ્યમંત્રી નીતિન પટેલના અધ્યક્ષ સ્થાને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને યુનિ. ચીફ પેટ્રન ગણપતભાઈ પટેલ તથા રાજયમંત્રી નાનુભાઈ વાનાણી, સાંસદ જયશ્રીબેન પટેલ સંસ્થાના ચેરમેન અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉદ્દ્ઘાટન સમારોહ યોજાશે અને તેનો વિધિવત્ પ્રારંભ થશે.

રાજયભરમાં ૪૩૦૦ જેટલા કલસ્ટરોમાંથી પસંદગી પામી આવેલ ૪૦૦ કૃતિઓ પાંચ જેટલા વિભાગોમાં રજુ થશે. આ ત્રિ-દિવસીય પ્રદર્શનમાં ઘણીબધી મહત્ત્વની બાબતો પર પણ ચિંતન થશે તેમ મનાઈ રહ્યું છે.

આ પ્રદર્શનની સાથેસાથે ૫૦ જેટલા શિક્ષકોએ જેમણે ગણિત-વિજ્ઞાનના વિષયને ભણાવવા માટે અપનાવેલ નવતર પ્રયોગો આ શિક્ષકોની પાસેથી જ રાજયના શિક્ષકોને જાણવા મળશે.

આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનને લઈ તડામાર તૈયારીઓ હાલ ગણપત યુનિવર્સિટી ખાતે ચાલી રહી છે.





## પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિયા સ્થિત શારદા ટ્રસ્ટ સંચાલિત (મંદબુદ્ધિ બાળકોની નિવાસી શાળા) સ્મૃતિ વિકાસ શાળાની સંસ્થા ૨૪મી ડિસેમ્બર - ૧૯૭૯ના રોજ પૂ. મોરારિ દાસ હરિયાણીજીનાં કરકમળ વડે મંગળ પ્રારંભ થયો હતો. આ સંસ્થા ડિસે. ૨૦૧૫માં ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતાં વાર્ષિકોત્સવની ઉજવણી તથા વાલી સમંલેનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબ ગાંધીનગરના મહાનુભાવોના હસ્તે મંગલદીપ પ્રગટાવી શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે મંદબુદ્ધિના બાળકોએ સ્વાગત ગીત ગાઈને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બાળકોએ રંગબેરંગી વેષભુષા ધારણ કરી સાંસ્કૃતિક કાર્યક્મો રજૂ કર્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ)